પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૨૫ ૧૫ જુલાઈ, ૨૦૨૨, શુક્રવાર; અષાઢ વદ - ૨ પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# વાંસદામાં આભ ફાટ્યું : ૧૬ ઈંચ વરસાદ

**નવસારી જળબંબાકાર, ૧૬ ઈંચ વરસાદથી આખા વાંસદાની જળસમાધિ : નવસારીની ૩ નદીઓએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું : ઘરોમાં પાણી ઘૂસી ગયા : વલસાડમાં ઔરંગા નદીનું જળસ્તર વધતાં બરુડિયાવડમાંથી ૩૫૦થી વધુ લોકોનું કરાયું સ્થળાંતર**







નવસારી,તા.૧૪

એક જ રાતમાં નવસારીના વાંસદામાં આભ ફાટ્યું છે. વાંસદા તાલુકામાં આજે સવારે ૬ વાગ્યે પુરા થતા ૨૪ કલાકમાં ૩૯૪ મિમી વરસાદ આકાશમાંથી ઝીંકાયો છે. વાંસદામાં ૨૪ કલાકમાં ૧૫.૭૬ ઈંચ વરસાદ નોંધાતા ચોમેર પાણી પાણી થઈ ગયુ છે. તો જિલ્લાના ખેરગામ તાલુકામાં પણ ૨૨૯ મિમી એટલે ૯.૧૬ ઈંચ વરસાદ પડ્યો છે. નવસારી સહિત ઉપરવાસમાં ભારે વરસાદને કારણે જિલ્લાની નદીઓમાં ઘોડાપૂર આવી ગયા છે. આ કારણે નવસારીમાં લોકોના ઘરોમાં પાણી ઘૂસી ગયા છે. નવસારી જિલ્લાના વાંસદા તાલુકામાં જળબંબાકારની સ્થિતિ બની છે. નવસારીની નદી કિનારાના ગામડાઓ અને નવસારી તથા બીલીમોરા શહેરના નીચાણવાળા વિસ્તારો જળમગ્ન બન્યા છે. જિલ્લાની સ્થિતિને જોતા વહીવટી તંત્ર હાઈ એલર્ટ પર મૂકી દેવાયા છે.

જિલ્લામાં પૂરની સ્થિતિને જોતા બે NDRF ની ટીમ કાર્યરત કરાઈ છે. વાંસદાના પૌરાણિક ઉનાઈ માતાજી મંદિર આસપાસ પાણી જ પાણી દેખાયા છે. વાંસદા સહિત ઉપરવામાં પડેલા સાંબેલાધાર વરસાદને કારણે ઉનાઈ યાત્રાધામમાં પાણી ભરાયા છે. ઉનાઈ ગામના મુખ્ય માર્ગો પર ત્રણ ફૂટ જેટલા પાણી ભરાતા માઈભક્તોને હાલાકી પડી રહી છે. નવસારીમાં સાંબેલાધાર વરસી રહેલા વરસાદથી હવે લોકો તોબા પોકારી ઉઠ્યા છે. કારણ છેલ્લા ૪ દિવસોમાં નવસારી શહેરની લોકમાતા પૂર્ણા નદીમાં પુરની સ્થિતિ બનતા હજારો લોકોએ હાલાકી વેઠવાનો વારો આવ્યો છે.

સતત ત્રીજા દિવસે ઝડપથી વધેલા પાણી અને વધુ પડતા પાણીને કારણે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ઘરોમાં કેડસમા દૂષિત પાણી હોવાથી રોગચાળો ફેલાવાની દહેશત વધી છે. મૂશળધાર વરસાદમાં નવસારીની નદીઓમાં પૂર જેવી સ્થિતિ ઉદભવી છે. પૂર્ણા નદીએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા તબાહીના દ્રશ્યો જોવા મળી રહ્યાં છે. નીચાણવાળા વિસ્તારોના ઘરોમાં ભરાયા પાણી છે. તંત્ર દ્વારા લોકોને સલામત સ્થળે જવા અપીલ કરાઈ છે. નદીની જળસપાટી વધતા નવસારીમાં પૂરનો ખતરો તોળાઈ રહ્યો છે. પૂર્ણા નદીની જળસપાટી ૨૩ ફૂટે પહોંચતા એલર્ટ મૂકાયુ છે.

## રાજ્યમાં ત્રણ દિવસ વરસાદની આગાહી

**સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં રેડ એલર્ટ : આગામી ૫ દિવસ સુધી દરિયો ન ખેડવા માછીમારોને સૂચના તંત્ર દ્વારા આપવામાં આવી, રાજ્યમાં અત્યારસુધીમાં સીઝનનો ૧૭ ઈંચ કરતાં વધુ વરસાદ**

અમદાવાદ, તા.૧૪

હવામાન વિભાગે સમગ્ર રાજ્યમાં આગામી ત્રણ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે, જેમાં આજે અમરેલી, ગીર સોમનાથ, જૂનાગઢ, નવસારી, વલસાડ, ડાંગ, સુરત અને તાપીમાં પણ ભારે વરસાદની આગાહી કરી છે તેમજ ૧૫ જુલાઈએ જૂનાગઢ, અમરેલી, ગીર સોમનાથમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે તેમજ આગામી ૫ દિવસ સુધી દરિયો ન ખેડવા માછીમારોને સૂચના તંત્ર દ્વારા આપવામાં આવી છે. અમદાવાદ શહેરમાં વહેલી સવારથી જ ચાંદલોડિયા, ગોતા, બોપલ, આંબલી, સેટેલાઈટ, વસ્ત્રાપુર, મેમનગર, આંબાવાડી, ઘાટલોડિયા, શીલજ, સરખેજ, આશ્રમ રોડ, સાબરમતી, એરપોર્ટ, શાહીબાગ, નવરંગપુરા, ઉસ્માનપુરા, ઈસનપુર, નરોડા, બાપુનગરમાં વરસાદ પડ્યો હતો.

હજી તો ચોમાસું શરૂ જ થયું છે ત્યાં ગુજરાતમાં ૫૦ ટકા વરસાદ ખાબકી ગયો છે. રાજ્યમાં અત્યારસુધીમાં સીઝનનો ૧૭ ઈંચ કરતાં વધુ વરસાદ થયો છે. કચ્છમાં ૧૭ ઈંચ અને ૯૭.૭૬ ટકા વરસાદ ખાબક્યો છે. ઉત્તર ગુજરાતમાં હજી સુધી સાત ઈંચ વરસાદ થયો છે, જ્યારે મધ્ય ગુજરાતમાં ૧૩ ઈંચ વરસાદ ખાબક્યો છે. સૌરાષ્ટ્રમાં ૧૪ ઈંચ વરસાદ નોંધાયો છે, જ્યારે દક્ષિણ ગુજરાતમાં ૩૭ ઈંચ વરસાદ નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૨૧૩ તાલુકામાં વરસાદ ખાબક્યો છે, જેમાં વાંસદા, કપરાડા અને ધરમપુરમાં મેઘતાંડવની સ્થિતિ છે.

## મહારાષ્ટ્રમાં પેટ્રોલમાં લિટરે પાંચ અને ડિઝલમાં ત્રણ રૂપિયાનો ઘટાડો

**નવી સરકારે રાજ્ય દ્વારા લેવાતા વેટમાં ઘટાડો કરતા આ ભાવ ઘટશે**

મુંબઈ, તા.૧૪

ભારે રાજકીય ઉથલપાથલ વચ્ચે નવી નિમાયેલ સરકારે ઈંધણના ભાવમાં ઘટાડો કરવાનું આપેલ વચન નિભાવ્યું છે. પેટ્રોલ-ડીઝલના ભાવમાં ઘટાડો કરવાની બાંહેધરી બાદ આજે મહારાષ્ટ્રની નવી સરકારે ભાવમાં ઘટાડાની જાહેરાત કરી છે.




મહારાષ્ટ્રમાં સરકારે ગુરૂવારે મોંઘવારીના વિષચક્રમાં પિસાયેલ સામાન્ય જનતાને રાહત આપતા પેટ્રોલ-ડીઝલના ઘટાડાનો નિર્ણય કર્યો છે. બળવાખોર ધારાસભ્યોના સહારે બીજેપી સાથે બનેલ એકનાથ શિંદેની નવી સરકારે પેટ્રોલના ભાવમાં ૫ રૂપિયા પ્રતિ લિટર અને ડીઝલના ભાવમાં ૩ રૂપિયા પ્રતિ લિટર ઘટાડો કરવાની જાહેરાત કરી છે.

નવી સરકારે રાજ્ય દ્વારા લેવાતા વેટમાં ઘટાડો કરતા આ ભાવ ઘટશે. આ અગાઉ વડાપ્રધાન મોદીએ અને ગત મહિને એક્સાઈઝ ડ્યૂટી કાપની સાથે નાણામંત્રી નિર્મલા સીતારમણે જે રાજ્યોએ વેટમાં કાપ નહોતો મુક્યો તેમને અરજી કરી હતી કે દેશમાં મોંઘવારીને કાબૂમાં લેવા માટે તેમના દ્વારા લેવાતા ટેક્સમાં ઘટાડો કરે.

## વૈશ્વિક બજારની અસરે સોનાના ભાવ બે માસના તળિયે પહોંચ્યા

**અમેરિકન ડોલરનો ભાવ વધી રહ્યો છે, તેના કારણે કોમેક્સ ગોલ્ડનો ભાવ ૦.૮ ટકા ઘટીને ૧૭૧૦ ડોલર પ્રતિ ઔંસ પર**



નવી દિલ્હી, તા.૧૪

અમેરિકામાં ફુગાવાનો આંકડો અપેક્ષા કરતા વધુ ઉંચો આવતા ગ્લોબલ માર્કેટમાં સોનાના ભાવમાં ઘટાડો થયો છે અને તેની અસર ભારતમાં પણ જોવા મળે છે. એમસીએક્સ પર ગોલ્ડ ફ્યુચરનો ભાવ ૦.૪ ટકા ઘટીને રૂ. ૫૦,૨૦૬ ચાલતો હતો જ્યારે ચાંદીના ફ્યુચર્સનો ભાવ ૦.૨૪ ટકા ઘટીને ૫૬,૩૩૧ પ્રતિ કિલો હતો. ચાલુ મહિનામાં સરકારે ગોલ્ડ પરની ઈમ્પોર્ટ ડ્યૂટી વધારી ત્યારે ભારતમાં સોનાનો ભાવ ૫૨,૩૦૦ સુધી ગયો હતો. પરંતુ ત્યાર પછી ઈન્ટરનેશનલ માર્કેટમાં સોનાના ભાવમાં ભારે નરમાઈ જોવા મળી છે. ભારતમાં સોનાના ભાવમાં જીએસટી પણ અલગથી ઉમેરાય છે.

અમેરિકન ડોલરનો ભાવ વધી રહ્યો છે અને યુએસ બોન્ડની યીલ્ડમાં પણ ઉછાળો આવ્યો છે. તેના કારણે કોમેક્સ ગોલ્ડનો ભાવ ૦.૮ ટકા ઘટીને ૧૭૧૦ ડોલર પ્રતિ ઔંસ પર ચાલતો હતો. ડોલર ઈન્ડેક્સ તમામ કરન્સી સામે વધીને ૨૦ વર્ષની ટોચ પર છે. તેના કારણે સોનું ખરીદવું ફાયદાકારક નથી કારણ કે મોંઘા ડોલરના કારણે હોલ્ડિંગ કોસ્ટ વધી જાય છે. આ ઉપરાંત યુએસ ફેડ પણ ફુગાવાને અંકુશમાં રાખવા માટે આક્રમક પોલિસી અપનાવે તેવી શક્યતા છે. જુલાઈ મહિનામાં યુએસ ફેડ દ્વારા વ્યાજદરમાં લગભગ એક ટકાનો વધારો થવાની શક્યતા છે.

## સતત ૧૫મા મહિને જથ્થાબંધ મોંઘવારી વધી, જૂનમાં ૧૫.૧૮ ટકા

**દેશમાં મોંઘાવારીએ માજા મૂકી : ચાલુ વર્ષના મે મહિનામાં ડબલ્યુપીઆઈ ઈન્ડેક્સ ૧૫.૮૮%ના દરે ત્રણ દાયકાની ટોચે જોવા મળ્યો હતો**

નવી દિલ્હી, તા.૧૪

પેટ્રોલ-ડીઝલના ભાવમાં ઘટાડાની સાથે અન્ય મોરચે સામાન્ય રાહત મળતા ભારતમાં જૂન મહિનામાં મોંઘવારીમાં સામાન્ય રાહત મળી છે. જોકે જથ્થાબંધ ભાવાંક જૂન મહિનામાં ૧૫%થી ઉપર રહ્યો છે

ગુરૂવારે જાહેર થયેલ સરકારી આંકડા અનુસાર દેશમાં હોલસેલ પ્રાઈસ ઈન્ડેકસ (ડબલ્યુપીઆઈ) અગાઉના મહિનાના રેકોર્ડ સ્તરેથી સામાન્ય ઘટીને ૧૫.૧૮% રહ્યો છે. મે મહિનામાં ડબલ્યુપીઆઈ ઈન્ડેકસ ૧૫.૮૮%ના દરે ત્રણ દાયકાની ટોચે જોવા મળ્યો હતો.

જોકે સતત ૧૫મા મહિને ડબલ ડિજિટમાં જોવા મળ્યો છે અને ૧૫%ના લેવલની ઉપર સતત ત્રીજા મહિને રહેતા આગામી આરબીઆઈની મોનિટરી પોલિસીમાં વ્યાજદરમાં વધુ એક વધારો નિશ્ચિત છે.

ડેટા અનુસાર જૂન મહિનામાં ફૂડ આર્ટિકલ સેગમેન્ટમાં ૧૪.૩૯ ટકાનો વધારો જોવા મળ્યો હતો. અગાઉના મહિને આ ૧૨.૩૪ ટકા હતો. જૂનમાં શાકભાજીનો ડબલ્યુપીઆઈ ઈન્ડેક્સ ૫૬.૭૫ ટકા હતો, જે મે મહિનામાં ૫૬.૩૬ ટકા હતો. બટાટાના ભાવમાં ૩૯.૩૮ ટકા જ્યારે ડુંગળીના ભાવમાં (-)૩૧.૫૪ ટકાનો ઘટાડો નોંધાયો હતો. ફળોના ભાવ મે મહિનામાં ૯.૯૮ ટકાથી ગયા મહિને ૨૦.૩૩ ટકા વધ્યા હતા, જ્યારે દૂધના ભાવ એક મહિના અગાઉ ૫.૮૧ ટકાથી ૬.૩૫ ટકા વધ્યા હતા. ઈંડા, માંસ અને માછલીના ભાવ જૂનમાં ૭.૨૪ ટકા વધ્યા હતા જે એક મહિના અગાઉના ૭.૭૮ ટકા હતા જ્યારે ગયા મહિને અનાજના ભાવ ૭.૯૯ ટકા વધ્યા હતા, જે ૮.૦૧ ટકાથી નજીવા રીતે હળવા થયા હતા.

ફ્યુલ એન્ડ પાવર સેગમેન્ટ મે મહિનામાં ૪૦.૬૨ ટકાથી ઘટીને

● અનુસંધાન પાન-૭ પર

## માલદીવ નાસી ગયેલા શ્રીલંકાના રાષ્ટ્રપતિ ખાનગી જેટમાં સિંગાપુર પહોંચ્યા

**આંદોલન વચ્ચે શ્રીલંકાના વિપક્ષી નેતાઓએ રાષ્ટ્રપતિ ગોટાબાયા રાજપક્ષે પહેલા વડાપ્રધાન રાનિલ વિક્રમસિંઘે પોતાનું પદ છોડે તેવી માગણી કરી**

કોલંબો, તા.૧૪

પાડોશી દેશ શ્રીલંકામાં આર્થિક સંકટના કારણે શરૂ થયેલા આંદોલને હવે ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું છે. શ્રીલંકાના લોકો રાજધાની કોલંબો સહિત વિવિધ જિલ્લાના રસ્તાઓ પર ઉતરીને ઉગ્ર પ્રદર્શનો કરી રહ્યા છે. લોકો એટલી હદે આક્રમક બની ગયા છે કે, તેમને નિયંત્રણમાં લેવા પોલીસ માટે મુશ્કેલ બની રહ્યું છે.

સરકાર સામેનો વિરોધ ખૂબ જ તેજ બની જવાના કારણે શ્રીલંકામાં ગુરૂવારની સવાર સુધી દેશવ્યાપી કર્ફ્યુ લાગુ કરવામાં આવ્યો હતો. કાર્યવાહક રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘે બુધવારે આ અંગેની સૂચના જાહેર કરી હતી.

જાણો શ્રીલંકાની વર્તમાન સ્થિતિ અંગે

- રાષ્ટ્રપતિ ગોટાબાયા રાજપક્ષે બુધવારે માલદીવ ભાગી ગયા હતા અને હવે તેઓ સિંગાપુર પહોંચઈ ઘયઆ છે. તેઓ પોતાના પત્ની ઈઓમા રાજપક્ષે તથા બે સંરક્ષણ અધિકારી સાથે ગત રાત્રિએ એસક્યુ ૪૩૭ પર માલેથી સિંગાપુર જવા રવાના થવાના હતા પરંતુ સુરક્ષાના કારણોસર વિમાનમાં નહોતા ગયા. ત્યારે હવે તેમને પ્રાઈવેટ જેટ ઉપલબ્ધ કરાવવામાં આવે તેવી શક્યતા છે.

-આંદોલન વચ્ચે શ્રીલંકાના વિપક્ષી નેતાઓએ રાષ્ટ્રપતિ ગોટાબાયા રાજપક્ષે પહેલા વડાપ્રધાન રાનિલ વિક્રમસિંઘે પોતાનું પદ છોડે તેવી માગણી મુકી છે. સ્પીકર મહિન્દા યાપા અબેયવારદેનાના કહેવા પ્રમાણે આગામી ૨૦ જુલાઈના રોજ રાષ્ટ્રપતિ પદ માટે મતદાન યોજાશે.

ઉલ્લેખનીય છે કે, વર્તમાન સમયમાં શ્રીલંકા એક અભૂતપૂર્વ આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે.

દેશના લાખો લોકો ભોજન, દવા, ઈંધણ તથા અન્ય જરૂરી ચીજ-વસ્તુઓની તંગીનો સામનો કરી રહ્યા છે. વડાપ્રધાન વિક્રમસિંઘેએ ગત સપ્તાહે શ્રીલંકા એક દેવાળિયો દેશ બની ગયો હોવાનું સ્વીકાર્યું હતું.

**વડનગરા નાગર દુઃખદ અવસાન**



અમારા સ્વજન શ્રી અતુલભાઈ સતિષચંદ્ર બક્ષીનું દુઃખદ અવસાન તા. ૧૩/૭/૨૦૨૨ને બુધવારે ગાંધીનગર મુકામે થયેલ છે. સદ્ગતની પ્રાર્થનાસભા તા. ૧૫/૭/૨૦૨૨ને શુક્રવારે સાંજે ૬ થી ૭ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ :બ્રહ્મભવન, સેક્ટર-૧૬, ગાંધીનગર

અર્ચના અતુલભાઈ બક્ષી લી. મીત અતુલભાઈ બક્ષી

**બેસણું**



મારા ધર્મ પત્ની **અ.સૌ. પટેલ કસ્તુરબેન માધવલાલ**નું તા.૧૨/૭/૨૦૨૨ના રોજ ૪.૦૦ વાગે દુ:ખદ અવસાન થયેલ છે **સદ્ગતનું બેસણું તા ૧૫/૭/૨૦૨૨ને શુક્રવારના રોજ સવારે ૮.૩૦ થી ૧૧.૩૦** સુધી રાખેલ છે

: સરનામું :

જી.આઈ.ડી.સી એન્જિનિરીંગ એસ્ટેટ કોમ્પ્લેક્ષ એસોસિએશન હોલ, સેક્ટર ૨૮ જી.આઈ.ડી.સી., જયપુર ગોલ્ડન ટ્રાન્સપોર્ટની બાજુમાં, ગાંધીનગર.

લિ.

પટેલ માધવલાલ જેઠાભાઇ
મો. ૯૪૨૮૫૯૫૫૫૦

પટેલ દિનેશ માધવલાલ (પૂત્ર) મો. ૯૮૨૪૦૭૭૪૦૯
પટેલ ઘનશ્યામ માધવલાલ (પુત્ર) મો. ૯૪૨૬૦૮૭૫૪૪

ફર્મ : આશુતોષ ટીમ્બર્સ ● અંબિકા સેલ્સ

**બેસણું**



અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે સ્વ. શ્રી પ્રેમાનંદભાઈ જે. સુથારના સુપુત્ર શ્રી **હેમંતભાઈ પ્રેમાનંદભાઈ સુથાર** (નિવૃત નાયબ વન સંરક્ષક, ગાંધીનગર) વતન બાલાસિનોર, તા.૦૮/૭/૨૦૨૨ (અષાઢ સુદ ૯, સંવત ૨૦૭૮)ના રોજ દેવલોક પામ્યા છે. પરમાત્મા તેમના પ્રકૃતિ-પ્રેમી આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

સદગતનુ બેસણું નીચે મુજબ રાખેલ છે.

તા. ૧૭/૭/૨૦૨૨, રવિવાર ● સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ કલાક
સ્થળ : શ્રી વિશ્વકર્મા મંદિર હોલ, સેક્ટર – ૧૨, ગાંધીનગર

લિ.

ગં.સ્વ. જ્યોત્સનાબેન હેમંતભાઈ સુથાર (પત્ની)
મનન સુથાર (સુપુત્રી) વ્યોમા મિસ્ત્રી (સુપુત્રી)
પ્રાકૃત હેમંતભાઈ સુથાર (સુપુત્ર) મો. ૮૩૪૭૭૦૩૯૮૦
ઉદયન પ્રેમાનંદભાઈ સુથાર (ભાઈ) મો. ૯૮૯૮૮૭૪૯૪૪
સ્વ. શ્રી જગજીવનદાસ સુથાર પરિવાર

---- ૐ શાંતિ ----